# બાળકોનું બાઈબલ

રજૂ કરે છે :

# ઈસુ તોફાની દરિયાને શાંત કરે છે



લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : Janie Forest

અનુકૂલન : Ruth Klassen

Alastair Paterson

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

નિર્માતા : Bible for Children
www.M1914.org

©2020 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.



ઈસુ જ્યારે તેના
શિષ્યોની સાથે
હોડીમાં હતા ત્યારે
એક મોટું તોફાન
ચઢી આવ્યું. તે
તોફાન આ
ગાલીનના સમુદ્રને
હલાવી નાંખ્યો.



આ પ્રકારનું
તોફાન હોડી
તોડીને લોકોને
ડૂબાડી શકે
તેમ હતું.

આ તોફાને શિષ્યોને ડરાવી દીધા. મોજાએ આખી હોડીને પાણીથી ઢાંકી દીધી. જ્યારે આવા તોફાનમાં



પણ તકીયો મૂકીને ઈસુ ગાઢ નિંદ્રામાં પોઢી રહ્યાં હતાં.

શિષ્યોએ ઈસુને જગાડ્યા અને કહ્યું કે "સ્વામ...
સ્વામી... અમે નાશ પામી રહ્યાં છીએ."




“ઓ અલ્પ વિશ્વાસીઓ શા માટે તમે આટલા બધા
ગભરાઈ ગયા છો” ત્યારબાદ ઈસુએ પવનને હુકમ
કર્યો કે તે બંધ થઈ જાય... અને... ઈસુએ ઝઝુમતા
મોજાઓને બેસી જવા માટે આજ્ઞા
કરી કે
બધું જ
શાંત થઈ
જાય.

ત્યાં જ પવન શાંત પડી ગયો... સમુદ્ર પણ શાંતિમય બની ગયો અને સઘળું શાંત થઈ ગયું.



શિષ્યોને આ જોઈ ખૂબ જ આશ્ચર્ય લાગ્યું અને કહેવા લાગ્યા કે “આ કેવા પ્રકારનો વ્યક્તિ છે કે પવન અન સમુદ્ર પણ તેની આજ્ઞા માને છે!”





થોડા સમય પછી ફરી ઈસુને માટે બીજો એક વ્યસ્ત દિવસ આવ્યો. દૂર વગડાની જગ્યામાં લગભગ ૫૦૦૦ જેટલા લોકો ઈસુની પાસે આવવા લાગ્યા.



ઈશ્વરના સામર્થ્યનો ઉપયોગ કરીને, એક
નાના બાળકના ભોજન દ્વારા તેમણે બધાને
જમાડ્યા. હવે સાંજ થવા આવી
હતી માટે ઈસુએ
દરેકને પાછા
મોકલી
દીધા.

શિષ્યોને પણ ત્યાંથી જવું પડ્યું. ઈસુએ તેમને એકઠા કરીને હોડીમાં બેસાડ્યા અને ગાલીલ સમુદ્રને પેલે પાર





જ્યારે તેણે બધા
શિષ્યોને મોકલી
દીધા. ત્યારે ઈસુ
પહાડ ઉપર જઈને
પ્રાર્થના કરવા
લાગ્યો. જ્યારે સાંજ
આવી છતાં પણ તે
એકલો ત્યાં રહ્યો.


હવે આ સરોવરમાં
ખૂબ જ પવન
હોવાથી શિષ્યો
પાણીની વચ્ચે
અટવાઈ
પડ્યા
હતાં.


પવન અને તોફાન એટલું
બધું હતું કે તેઓએ
કલાકો સુધી હલેસા
માર્યા પણ
જમીન તરફ
પહોંચી
શક્યા
નહીં.


શિષ્યોને તે ખબર
નહોતી, પણ તેઓ
માટે એક મોટી
આશ્ચર્યજનક
વાત બની!



લગભગ સવારના
ત્રણથી છ વાગ્યેની
વચ્ચે, જ્યારે તેમની
હોડી સમુદ્રના
પવનથી ડોલા ખાઈ
રહી હતી ત્યારે
તેઓ એવું કાંઈક
જોયું કે જેથી તેઓ
ખૂબ જ ડરી ગયા.



“ભૂત છે...”
તેઓએ બૂમો પાડી
મૂકી. પણ તે તો
ઈસુ હતો તેમનો
પ્રભુ અને સ્વામી,
તે પાણી પર ચાલીને
આવી રહ્યોં હતો.

“ચિંતા ન કરો!” ઈસુએ તેમને બોલાવ્યા. એ તો હું છું. તમે ગભરાશો નહીં. પિતરે જવાબ આપ્યો. “પ્રભુ જો તે તમે હો તો મને પણ તમારી પાસે આવવા માટે આજ્ઞા કરો.”



તેથી ઈસુએ પીતરને
કહ્યું કે “આવ”
નિડરતાથી પીતરે
હોડીની બહાર પગ
મૂક્યો અને ઈસુની
ભણી ચાલવા
લાગ્યો.





“પણ જ્યારે પવનથી ઉછળતા મોજાં જોયા ત્યારે તેને બીક લાગી, અને તે ડૂબવા લાગ્યો. તેણે બૂમ પાડી,” “પ્રભુ મને બચાવ.”



તરત જ ઈસુએ પોતાનો લાગલો હાથ લઈને પીતરને ખેંચી લીધો. “અરે અલ્પવિશ્વાસી તેં શા માટે શંકા રાખી?” તેણે તેને પૂછ્યું અને જ્યારે પીતર અને ઈસુ હોડીમાં ચઢ્યા કે તરત પવન બંધ પડ્યો.

ત્યારબાદ જેઓ ત્યાં હોડીમાં હતા તેઓ તેની પાસે આવ્યા. અને તેનું ભજન કર્યું અને કહેવા લાગ્યા, “ખરેખર તું દેવનો દીકરો છે.”



ઈસુ તોફાની દરિયાને શાંત કરે છે

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

માથ્થી ૮ માથ્થી ૧૪, માર્ક ૪, લુક ૮

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

સમાપ્ત

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ
બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા
મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે
પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે
વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે.
ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે
તેમાં ગયા છે. તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની
માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે
તમારી પાસે હૃદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે
અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો  તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો. જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો યોહાન ૩:૧૬